જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । મંગળવાર । તા. ૬-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ભરૂચ અને વડોદરા આરઆરસેલ પોલીસનું ઓપરેશન

ગેંગસ્ટરોનો પોલીસ પર ગોળીબાર બાદ બ્રીજ ભૂષણ પાંડે અને મુન્ના પાંડેની ધરપકડ









અંકલેશ્વરમાં ધાડ-લૂંટ-અપહરણ સહિતના ગુનામાં સંડોવાયેલા ગુંડાઓને ઝડપી પાડવા અંકલેશ્વર જનતા નગરમાં પોલીસનો છાપો : પોલીસે પણ વળતો ગોળીબાર કર્યો

સુરત

આંતર રાજય ગુનાખોરી કરતા કુખ્યાત ગેંગસ્ટરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ધાડ-લૂંટ-અપહરણ, ફાયરિંગ સહિત અનેક ગુનાઓ આચરનારાને વડોદરા આર.આર.સેલ અને ભરૂચ પોલીસે સચોટ બાતમીના આધારે ઝડપી પાડવામાં સફળ થયા હતા. આ ગેંગસ્ટર બ્રીજ ભૂષણ પાંડે, મુન્ના પાંડે યુપી, એમ.પી., મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં વોન્ટેડ ગુનેગારો હતા. ઓપરેશન દરમિયાન આ ગેંગસ્ટરોએ પોલીસ ટીમ ઉપર ફાયરિંગ કરતા પોલીસે વળતુ ફાયરિંગ કર્યું હતું. જેમાં ગેંગસ્ટર મુન્નાને ઈજા થઈ હતી.

આ બંને અંકલેશ્વરમાં છુપાયા હોવાની બાતમી પોલિસ ને મળી હતી. જેનાં આધારે ભરૂચ પોલીસ અને આર આર સેલ એ સાથે મળી ઑપરેશન હાથ ધરતા બન્ને ગેંગસ્ટરોને માત્ર અડધા કલાકમાં જ દબોચી લીધા હતા. કુખ્યાત ગેંગસ્ટર બ્રિજ ભુષણ પાંડે ઉર્ફે બુતુલ પાંડે અને મુનાપાંડે યુપી, એમપી મહારાષ્ટ્ર સહિતનાં રાજયોમાં લૂંટ-ધાડ-કિડનેપિંગ અને પોલિસ ઉપર ફાયરીંગ સહિતનાં ગુનાઓમાં સંડોવાયેલા આરોપી હતાં. જેઓ હાલમાં વોંટેડ હોવાથી બંને અંકલેશ્વરના જનતાનગર વિસ્તારમાં સરસ્વતી સ્કૂલ પાસે રહેતા હોવાની વડોદરા આર આર સેલ ને બાતમી મળી હતી. વડોદરા પોલીસ એ ભરૂચ જિલ્લા પોલીસ વડા આર. વી. ચુડાસમાનો સંપર્ક કરી તેમને ઝડપી પાડવા ઓપેસન હાથ ધર્યું હતું. આ સમગ્ર ઓપરેસન પાર પાડવા માટે પોલિસ પાસે માત્ર અડધો કલાકનો સમય હતો. જેમાં પણ આ કુખ્યાત ગેંગસ્ટરો પોલિસ ઉપર ફાયરીંગ કરવાની ટેવ ધરાવતા હોય પોલિસ પૂરતી તૈયારી સાથે પહોંચી હતી. આ સમગ્ર ઓપરેસનમાં વડોદરા આર આર સેલ ભરૂચ ક્રાઈમ બ્રાંચ, અંકલેશ્વર જીઆઈડીસી અને તાલુકા પોલિસ સ્ટેશન નો સ્ટાફ જોડાયો હતો. દરમિયાન મુન્નાએ પોલીસ પર ફાયરિંગ કર્યું હતું. બાાદમાં પોલીસે પણ બે રાઉન્ડ ફાયરિંગ કરતાં આરોપી મુનાંને હાથમાં ઈજા થઈ હતી. હાલ માં મુન્ના નું ભરૂચ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

ભરૂચના અયોધ્યાનગરમાં બંધ મકાનમાં ધોળે દિવસે લાખોની મત્તાની ચોરી

ભરૂચના અયોધ્યાનગર ખાતે મકાન નં ૨૭૩૧માં રહેતા નિલેશ લીંબચીયાના પરિવારજનો આજરોજ બપોરના સમયે પાડોશીને ત્યાં દિવાળીના તહેવાર નિમિત્તે ફરસાણ બનાવવા ગયા હતા.દરમિયાન ઘરમાં કોઈ ન હોવાનો લાભ લઈ અજાણ્યા તસ્કરોએ નિલેશ લીંબચીયાના મકાનને નિશાન બનાવ્યું હતું. દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી કબાટમાંથી ૨૫ હજાર કેશ અને સોના ચાંદીના ઘરેણા દાગીના સહિત રોકડ રકમ મળી લાખોના



મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

ત્યાર બાદ નિલેશ લીંબચીયાના પરિવારજનો ઘરમાં પરત આવતા તેઓએ સૌપ્રથમ દરવાજો તૂટેલી હાલતમાં જોતા જ ઘરની અંદર તરફ દોડી પહોંચ્યા હતા જે બાદ તેઓને ઘર વેર વિખેર હાલતમાં જોતા ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું.

સમગ્ર ઘટનાની જાણ ભરૂચ શહેર એ' ડિવિઝન

ભરૂચની ભૃગુપુર સોસાયટી ખાતે આગ લાગતા દોડધામ

ભરૂચના કસક વિસ્તારમાં આવેલ પટેલ-ભૃગુપુર સોસાયટીના ખુલ્લા પ્લોટના બાવળ અને ઘસમાં એકાએક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. હાલ દિવાળી પર્વ ચાલી રહ્યો છે.ત્યારે કોઈ ફટાકડાંનું તણખલું સુખા ઘસમાં લાગી જવાથી સોસાયટી ના એક પ્લોટમાં આગ લાગી હતી.હોવાનું પ્રાથમિક અનુમાન દર્શાવાઈ રહ્યું છે.ઘટનાની જાણ થતાં જ ભરૂચ નગરપાલિકા પાલિકાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.મીની ફાયર ટેન્ડરની મદદથી સમગ્ર આગ ઉપર કાબુ મેળવાયો હતો. આ સમગ્ર ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાની થઈ ન હોવાનું પણ જાણવા મળ્યું હતું.

ભરૂચની જૂની કોર્ટ વિસ્તારમાં આવેલી દરગાહના નામે દબાણ કરાયું હોવાનો રહીશોને આક્ષેપ સાથે દબાણ હટાવવા માંગ

ભરૂચમાં તંત્ર દ્વારા આયોજીત હેરીટેજ વોકના કરવા નીકળેલ હિંદુ આગેવાનો જૂના ભરૂચમાં આવેલ જૂની કોર્ટ અને કલેકટર કચેરી ખાતે મુલાકાતે ગયા હતા. દરમિયાન તેમને તેના પ્રાંગણમાં આવેલ હજરત ગેબનશાહ બાવા દરગાહના નામે સરકારી જગ્યા ઉપર ગેરકાયદેસર કરાયેલ દબાણ નજરે પડતા સ્થાનિક હિંદુ આગેવાનોએ કામગીરી બંધ કરાવવાની માંગ કરી હતી.



ભરૂચ જૂની કોર્ટમાં આવેલ વર્ષો પુરાણી હજરત ગેબનશાહ બાવાની દરગાહ આવેલ છે.ત્યાં આજુ બાજુ રહેતા મુસ્લીમ પરિવારો દ્વારા દરગાહની દેખ રેખ રાખવામાં આવે છે.પરંતુ કેટલાય સમયથી દરગાહ પાસે આવેલ પીપળાના ઝાડના કારણે તેની દીવાલ પણ જર્જરિત થઈ જતા જાનવરો અંદર ઘૂસી જઈને ગંદકી કરતાં હોવાના કારણે સ્થાનિકોએ ફાળો ઉઘરાવીને દરગાહની આજુબાજુ પ્રોટેક્શન વોલ બનાવાની કામગરી હાથ ધરવામાં આવી હતી.

ત્યારે ત્યાંના સ્થાનિકો અને હિંદુ સંગઠનો દ્વારા સરકારી જમીન ઉપર થઈ રહેલાં ગેરકાયદે બાંધકામને અટકાવવાની માંગ કરી હતી.

જોકે બનાવની જાણ એ ડિવિઝન પોલીસ મથકે કરવામાં આવતાં પોલીસ અધિકારી સહિત જગ્યા પર પહોંચી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર અન્ય હેરીટેજ ઈમારતોની જેમ આ સંકુલને પણ હેરીટેજમાં સમાવેશ કરી તેની યોગ્ય માવજત કરે તેવી માંગ પણ ઉઠવા પામી હતી.

ભરૂચ પેરોલ ફર્લો સ્કોડે શકમંદ હાલતમાં સોનાની ચેઈન તથા પ્લસર ગાડી સાથે ત્રણ ઈસમોને ઝડપી પડ્યા

ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમે શકમંદ હાલતમાં ત્રણ ઈસમોને એક સોનાની ચેઈન અને એક પ્લસર મોટર સાયકલ સાથે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



બનાવની મળતી માહિતી મુજબ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સૂચના અને માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડની ટીમ પેટ્રોલિંગ હતી.તે દરમિયાન અંકલેશ્વર જીઆઈડીસી એસટી ડેપો રોડ ઉપર મોટર સાયકલ નંબર જીજે-૨૭-બીજી-૩૧૦૩ ઉપર ત્રણ સવારી આવતા તથા તેમની હિલચાલ શંકાસ્પદ લાગતાં તેમને રોકી પકડી નામ ઠામ પૂછતાં પ્રભાસ શશીકાંત મિશ્રા, ભગત તેજાસીંગ બલાયર તથા મકુન કુશવા પાસેથી એક સોનાની

ચેઈન તથા કાળા કલરની પલ્સર ગાડી કિંમત ૨૫ હજાર સાથે કુલ કિંમત ૩૮ હજારનો મુદ્દામાલ સાથે કોઈ આધાર પુરાવા ના હોવાથી આરોપીઓને પેરોલ ફર્લો સ્કોડે ઝડપી પાડીને વધુ તપાસ અંકલેશ્વર શહરે પોલીસ ચલાવી રહી છે.

જળ, સ્થળ અને વાયુ એમ ત્રણેય રીતે પરમાણુ હુમલા માટે સક્ષમ બન્યુ ભારત

સ્વદેશી પરમાણુ સબમરીન INS અરિહંત પ્રથમ પેટ્રોલિંગમાં સફળ

પરમાણુ ધમકી આપનારાઓને ભારતનો વળતો જવાબ છે INS અરિહંત, આ ઉપલબ્ધી ભારતને ગણ્યા-ગાંઠ્યા દેશોની આગળની હરોળમાં સમાવિષ્ટ કરે છેઃ મોદી

ન્યુ દિલ્હી

ભારતે સંરક્ષણ ક્ષેત્રમાં એક નવો ઈતિહાસ રચ્યો છે. ભારતની પ્રથમ પરમાણુ બેલેસ્ટિક મિસાઈલ પનડુબ્બી આઈએનએસ અરહિંતે પ્રથમ ડિટરેંટ પેટ્રોલ પૂર્ણ કરીને એક નવો ઈતિહાસ સ્થાપિત કર્યો છે અને આ રીતે દુશ્મન દેશોથી મુકાબલો કરવા માટે ભારતને વધુ શક્તિશાળી બનાવી દીધું છે. આઈએનએસ. આરિહંતની આ સફળતાથી ભારત વાયુ, પાણી અને થલ ત્રણેય ક્ષેત્રથી પરમાણુ હુમલો કરનાર દેશ બન્યું છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મિશન સાથે સંકળાયેલા દળના તમામ લોકોને આશીર્વાદ આપ્યા અને સાથે તેને દેશ માટે એક મોટી સફળતા પણ ગણાવી. નોંધનીય છે કે INS અરિહંત પરમાણુ શક્તિ સંચાલિત ભારતની પ્રથમ પનડુબ્બી છે.

પીએમ મોદીએ ટ્વીટ કર્યું અને જણાવ્યું કે ધનતેરસનો દિવસ વધુ ખાસ બન્યો છે. તેમણે લખ્યું કે ભારતના ગૌરવ, પરમાણુ બેલેસ્ટિક મિસાઈલ પનડુબ્બી અરહંતે તેના પ્રથમ ડિટરેંટ પટ્રોલ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. હું તેમાં જોડાયેલા તમામ લોકોને, અને ખાસ કરીને INS અરિહંતના દળને શુભેચ્છા પાઠવુ છું જે હંમેશાં આપણા ઈતિહાસમાં યાદ રખાશે.

પીએમ મોદીએ જણાવ્યું કે આજે આ પ્રકારના યુગમાં, એક વિશ્વસનીય પરમાણુ નિવારક સમયની માંગ છે. INS અરહંતની સફળતા તેમને જવાબ આપશે, જે પરમાણુ હથિયારોના બળે બ્લેકલમેલની ફિરાકમાં છે. INS આરિહંતની સફળતા રાષ્ટ્રીય સુરક્ષાની દિશામાં એક મોટું પગલું છે. દેશના દુશ્મનો માટે, આ એક ખુલ્લી ચેલેન્જ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન અને ચીનનું નામ લીધા વગર જ કહ્યું હતું કે પાડોશમાં પરમાણું હથિયારો વધવાની સ્થિતિ વચ્ચે ભારતે પણ વિશ્વસનિય પરમાણું ક્ષમતા વધારવાની ખુબ જ જરૂર છે. અરિહંત મારફતે પડકારોનો સામનો કરવામાં સક્ષમ બનીશું અને સણસણતો જવાબ પણ આપી શકીશું.

આ સાથે તેમણે ચીન અને પાકિસ્તાનને કડક ચેતવણી પણ આપી હતી. ચેતવણી ભર્યા સ્વરમાં તેમણે કહ્યું હતું કે, અરિહંતનો અર્થ જ દુશ્મનોનો નાશ થાય છે. આઈએનએસ અરિહંત સવા સો કરોડ ભારતીયોની સુરક્ષાની ગેરેંટ સમાન છે.

વડાપ્રધાને કહ્યું હતું કે, આ આપણા માટે મોટી સફળતા છે. આ ભારતના દુશ્મનો તેમજ શાંતિના દુશ્મનોને ખુલ્લો પડકાર છે કે તે કોઈ જ દુસ્સાહસ ના કરે. અરિહંત એ ન્યૂક્લિયર બ્લેકમેઈલિંગનો જવાબ હશે. અરિહંત આવનાર સમયમાં ભારત માટે મહત્વપૂર્ણ પગલું ગણાશે. તેમણે ચીન અને પાકિસ્તાનનું નામ લીધા વગર કહ્યું હતુંકે, ભારત કોઈને છંછેડતું નથી, પરંતુ જો કોઈ છેડે તો તેને છોડતું પણ નથી. અમારો પરમાનું પ્રસાર આક્રમણનો ભગા નથી, પરંતુ સુરક્ષાનુ હથિયાર જરૂર છે. શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે આપણી પરમાણું ક્ષમતા ખુબ જ મહત્વ ધરાવે છે.

તેમણે કહ્યું હતું કે, વિશ્વ શાંતિ માટે ભારતનું યોગદાન સૌથી વધારે રહ્યું છે અને ભવિષ્યમાં પણ રહેશે. દુનિયા પણ જાણે છે અને તેને વિશ્વાસ પણ છે કે ભારત એક જવાબદાર પરમાણું રાષ્ટ્ર છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારત અને દરેક ભારતીયનું મસ્તક ફરી એકવાર ઉંચુ થાય છે. હું અરિહંત સાથે સંકળાયેલા તમામ લોકોને ખુબ ખુબ અભિનંદન આપુ છું. તમે દેશની સુરક્ષા માટે પોતાના અભિયાનને પૂરૂ કર્યું છે. તમારી સુરક્ષા નિર્ભયતાનો સંદેશ લઈને આવે છે. પીએમએ કહ્યું હતું કે, ન્યૂક્લિયર ટ્રાઈએંગલની સ્થાપના પર મને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની યાદ આવી ગઈ. અરિહંતની સફળતા બદલ પીએમએ દેશવાસીઓને પણ અભિનંદન આપ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે ભારત અમેરિકા, ફ્રાંસ, રશિયા, બ્રિટન અને ચીન પછી છઠ્ઠો એવો દેશ છે જેણે પોતાની પરમાણુ પન્ડુબ્બી બનાવવાની સફળતા પ્રાપ્ત કરી છે. છ હજાર ટન વજનની અરિહંત ૭૫૦ કિલોથી લઈને ૩૫૦૦ કિમી સુધીની મારક ક્ષમતા ધરાવતી મિસાઈલ છે. તેનાથી પાણીની અંદર અને પાણીની સપાટીથી પરમાણુ મિસાઈલ છોડી શકાય છે. આટલું જ નહીં, પાણીની અંદરથી જ તે કોઈ પણ વિમાનને નિશાન બનાવી શકે છે.

દારુલ ઉલૂમે હવે નેલ પોલિશ લગાવવા પર જાહેર કર્યો ફતવો



મહિલાઓએ નખ પર નેલ પોલિશની જગ્યાએ મહેંદીનો ઉપયોગ કરવો જોઈએ : દારુલ ઉલૂમ દેવબંદનો ફતવો

નવી દિલ્હી

વેક્સિંગ, શેવિંગ, અન્ય પુરુષો પાસે મહેંદી બાદ દારુલ ઉલુમ દેવબંદે હવે મહિલાઓની નેલ પોલીશ લગાવવાને લઈ ફતવો જાહેર કર્યો છે. દારુલ ઉલુમના મુફ્તિ ઈશરાર ગૌરાએ જણાવ્યુ કે, મહિલાઓએ પોતાના નખ પર નેલ પોલિશનો ઉપયોગ ન કરવો જોઈએ. મહિલાઓએ આ માટે મહેંદીનો ઉપયોગ કરવો જોઈએ. મુફ્તિ ઈશરાર ગૌરાએ તર્ક કર્યો કે, મુસ્લિમ મહિલાઓએ નેલ પોલિશનો ઉપયોગ ન કરવો જોઈએ કારણકે આ ઈસ્લામની વિરુદ્ધમાં છે. એટલે નેલ પોલિશની જગ્યાએ મહિલાઓએ પોતાના નખમાં મહેંદી લગાવવી જોઈએ. મહત્વનુ છે કે આ પહેલા પણ દેવબંદ આવા વિવાદાસ્પદ ફતવા જાહેર કરી ચુક્યુ છે. મુસ્લિમ મહિલાઓના મહેંદી લગાવવાને બિન ઈસ્લામિક કરાર દેતા પહેલા ફેબ્રુઆરીમાં પણ દેવબંદે એક ફતવો જાહેર કર્યો હતો, જેમાં મહિલાઓના અન્ય પુરુષો પાસેથી બંગળી પહેરવાને ઈસ્લામ વિરુદ્ધ અને પાપ ગણાવવામાં આવ્યુ હતું.

સભાઓ-રેલીઓ યોજી સરકાર પર લાવશે દબાણ


રામ મંદિર નિર્માણને લઈને સાધુ-સંતો પડશે સરકાર સામે



નવી દિલ્હી

રામ મંદિર નિર્માણ માટે સરકાર પર વટહુકમ લાવવાનુ દબાણ બનાવવાના ઉદ્દેશ્યથી અખિલ ભારતીય સંત સમિતિએ દેશભરના ૫૦૦ જિલ્લામાં સભા આયોજિત કરવાનો નિર્ણય કર્યો છે. હિંદુ સંતોની ટોચની સંસ્થા આ અંગે જણાવ્યુ કે, તેમની તરફથી ૫૦૦ જિલ્લાઓમાં જનસભાઓનું આયોજન કરવામાં આવશે, જેમાં લોકો પાસે વટહુકમને લઈને સમર્થન માંગવામાં આવશે. આ જનસભાની શરુઆત ૨૫ નવેમ્બરથી અયોધ્યામાં જનસભા સાથે થશે. સમિતિની બેઠક એ ઉદ્દેશ્ય સાથે સમાપ્ત થઈ કે સરકારે મંદિર નિર્માણનો માર્ગ મોકળો કરવા માટે કાયદો બનાવવો જોઈએ. સાથે જ જણાવાયુ છે કે અમે એ વાતને લઈ દુ:ખી છીએ કે સરકાર મંદિર નિર્માણમાં વિલંબ કરી રહી છે, પરંતુ સામાજિક મુદ્દા અને હિંદુ સમાજ પ્રત્યે સરકારના કામોથી અમે ખુશ છીએ. અમને આશા છે કે અયોધ્યામાં મંદિર નિર્માણ માટે સરકાર ટૂંકમાં જ પગલુ ભરશે. ૩૦૦ પ્રમુખ સાધુ-સંતોની સમિતિએ ભગવાન રામના અનુયાયીઓને સંબોધન કરતા કહ્યુ કે, તેમણે એ સુનિશ્ચિત કરવાનુ રહેશે કે હિંદુ સમાજમાં એકતા બની રહે. મંદિર માટે જનસમર્થન એકત્રિત કરવાના ઉદ્દેશ્યથી સંતો તરફથી દેશના ૫૦૦ જિલ્લામાં જનસભાનું આયોજન કરવામાં આવશે. ૨૫ નવેમ્બરે અયોધ્યા, નાગપુર અને બેંગલુરુમાં બેઠક સાથે આની શરુઆત થશે. તેમજ તેની પૂર્ણાહુતિ ૯ ડિસેમ્બર દિલ્હીમાં એક મેગા રેલી સાથે કરવામાં આવશે. બીજીબાજુ અયોધ્યાના તપસ્વી છાવણી મંદિરના સ્વામી પરમહંસ દાસે જણાવ્યુ કે, જો ૫ ડિસેમ્બર સુધી પીએમ મોદી અને યુપીના સીએમ આદિત્યનાથ મંદિરની નિર્માણની તારીખ જાહેર ન કરે તો તે ૯ ડિસેમ્બરે પોતે મોતને વ્હાલુ કરી લેશે. રામ મંદિરની માંગ અને આંદોલનની તૈયારીઓ દરમિયાન કોંગ્રેસ લીડર શશી થરુરે જણાવ્યુ હતું કે, કોઈપણ હિંદુ હિંસા નહીં ઈચ્છે. તેમણે જણાવ્યુ કે, લોકોએ રામને પોતાના હૃદયમાં સ્થાન આપવુ જોઈએ. જોકે થરુરના આ નિવેદનથી મંદિર નિર્માણ ઈચ્છી રહેલ.

હવે નેપાળ માર્ગે ભારતમાં આતંકીઓ ઘુસાડી શકે છે પાક



આઈએસઆઈની મદદથી લશ્કર-એ-તોયબાએ નેપાળમાં બનાવ્યો બેઝઃ એનજીઓ બનાવી કરશે આતંકીઓની ભરતી

નવી દિલ્હી

ભારતને અશાંત કરવા માટે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબાએ નેપાળને પોતાના નવા સ્થળ બનાવી લીધુ છે. ગુપ્તચર એજન્સીઓ અનુસાર લશ્કર-એ-તોયબાએ નેપાળમાં પોતાના બેઝ બનાવી લીધો છે. સુત્રનું કહેવુ છે કે, આ કામમાં પાકિસ્તાન હાઈકમિશન લશ્કરની મદદ કરી રહ્યુ છે. પાકિસ્તાન ગુપ્તચર એજન્સી આઈએસઆઈ આતંકવાદીઓની બહાલીમાં પણ મદદી કરી રહ્યુ હોવાના અહેવાલ સામે આવ્યા છે. સુત્રોનું કહેવુ છે કે આઈએસઆઈએ એનજીઓ બનાવ્યુ છે જેની મદદથી લશ્કર સહિત અન્ય આતંકવાદી સંગઠનો માટે આતંકવાદી બનાવવા માટે યુવાનોનુ સિલેક્શન કરવામાં આવે છે. ગુપ્ત રીપોર્ટમાં જણાવાયુ છે કે નેપાળના મોરંગ જિલ્લાના વિરાટ નગરમાં આઈએસઆઈની મદદથી લશ્કરનો મોટો બેઝ કેમ્પ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જણાવવામાં આવી રહ્યુ છે કે, અહીં લશ્કર નેપાળી લોકોને પણ ભટકાવી રહ્યા છે અને આતંકી બનાવી રહ્યા છે. માનવામાં આવી રહ્યુ છે કે, ભારતમાં ઘટનાને અંજામ આપવા માટે આતંકવાદી બનાવાયેલા નેપાળી લોકોની મદદ લેવામાં આવી શકે છે. એમ પણ માનવામાં આવી રહ્યુ છે

મેયરની ચૂંટણી માટે યોજાયેલી સભામાં લોકશાહીનું ચીરહરણ, ખુરશીઓ ઉછળી, માઈક તોડાયા

પાટનગરમાં મેયર પદ માટે લોહિયાળ જંગ : ભાજપ- કોંગ્રેસના કોર્પોરેટર્સ વચ્ચે રણસંગ્રામ

ભાજપ-કોંગ્રેસના કોર્પોરેટર વચ્ચે છૂટાહાથની મારામારી, મેયર પ્રવિણ પટેલે કોંગી કોર્પોરેટરને માઈક માર્યું હોવાનો આરોપ

ગાંધીનગર

આજે ગાંધીનગરમાં મહાનગરપાલિકામાં મેયરની ચૂંટણી સહિતનાં મુદ્દાઓ માટે સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં ભાજપ અને કોંગ્રેસનાં કોર્પોરેટર્સ વચ્ચે છૂટ્ટા હાથની મારામારીનાં દ્રશ્યો જોવા મળ્યા હતા. સામાન્ય સભામાં ભાજપ અને કોંગ્રેસના સભ્યો વચ્ચે એટલી ઉગ્ર બોલાચાલી થઈ કે સભામાં હાજર રહેલા કોર્પોરેટર્સ સભામાં રહેલી ખુરશીઓ ઉછાળવા લાગ્યા.

આ ઉપરાંત કોર્પોરેટર્સે સભા દરમિયાન હોબાળો મચાવીને સભા હોલની બારીઓનાં કાંચ પણ તોડી નાખ્યા હતા. તેમજ ગુસ્સામાં આવીને તેઓએ સભા સ્થળનાં માઈકો પણ તોડી દીધા હતા. કોંગી કોર્પોરેટરે ભાજપના કોર્પોરેટર તેમજ હાલના મેયર પ્રવીણ પટલે તેમને માઈક મારીને ઈજા પહોંચાડી હોવાના આરોપ લગાવ્યા છે.

મતદાન બાદ ભાજપને ૧૬ મત જ્યારે કોંગ્રેસને ૧૪ મત મળ્યા હતા. જ્યારે અન્ય એક મતને હાઈકોર્ટમાં બંધ કવરમાંથી ખોલવામાં આવશે. મહાનગરપાલિકામાં બીજા ટર્મના મેયર સહિત હોદ્દેદારોની ચૂંટણી પહેલા જ સભાખંડમાં યુદ્ધના દ્રશ્યો જોવા મળ્યા. કોંગ્રેસના નેતા અને બે ટર્મથી કોર્પોરેટરના પદ પર ચૂંટાતા અશ્વીન બારોટ ચૂંટણીના એક દિવસ પહેલા જ અચાનક ગુમ થઈ જતા રાજકીય ભૂકંપ આવી ગયો હતો.

કોંગ્રેસ દ્વારા તેમના કોર્પોરેટરનું ભાજપ દ્વારા જ અપહરણ કરાયુ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત કોંગ્રેસે કહ્યું કે, અમારો કોર્પોરેટર અમને પરત સોંપવામાં આવે. કોંગ્રેસે ધમકી આપતા કહ્યું કે, જો અંકિત બારોટને હાજર કરવામાં નહીં આવે તો આજની સામાન્ય સભાને મોકૂફ રાખવી પડશે. આ સાથે જ કોંગ્રેસના વધુ એક કોર્પોરેટરે આત્મવિલોપનની પણ ચીમકી આપી. કોંગ્રેસના એક નેતાએ આક્ષેપ કરતા કહ્યું કે ભાજપ કોંગ્રેસના ચૂસ્ત સભ્ય ગણાતા અંકતિ બારોટને ઉઠાવી ગયા છે, તેને સામાન્ય સભામાં ગેરહાજર રહેજો તમને ૨૫ લાખ રૂપિયા મળશે. સભા તોફાને ચડતાં ભાજપના પ્રવિણ પટેલ દ્વારા કોંગ્રેસના કોર્પોરેટર જીતુ રાયકાને પગમાં માઈક માર્યું હતું. જેથી તેમને ઈજા પહોંચી હતી અને પગ લોહીલુહાણ થઈ ગયો હતો.

રાત્રે અંકિત બારોટના પત્ની ભૂમિકાબેન સહિત પરિવારજનો કોંગ્રેસના આગેવાનો સાથે સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશનમાં પહોંચીને ફરિયાદ નોંધાવી હતી. આ પહેલા સવારે ૧૧ વાગ્યે અંકિતે દુર્ગેશ ગઢવીને મેસેજ કરીને જણાવ્યું હતું કે કેતન અને ગિરિશ ઉર્ફે મગન પટેલ તેને વાતચીતના બહાને તેમની સાથે મોડાસા બાજુ લઈ ગયા છે, જ્યાં તેને ગોંધીને રાખવામાં આવ્યો છે.

પોલીસકર્મીઓ અને કોર્પોરેટર્સ વચ્ચે મારા મારીના બનાવો બન્યા છે. પોલીસે પણ મર્યાદાઓ છોડીને મહિલા કોર્પોરેટર્સ સાથે ધક્કામુક્કી કરી છે. ગાંધીનગર મનપામાં લોકશાહીનું ચીરહરણ થયું છે. સામાન્ય ગલી મહોલ્લામાં થતી લડાઈની જેમ પોલીસ અને કોર્પોરેટર્સ વચ્ચે હાથાપાઈના બનાવો બન્યા છે. સામાન્ય માણસને શરમીંદગી અનુભવાય તેવી સ્થિતિ ગાંધીનગમ મનપામાં ભજવાઈ છે. સામાન્ય સભા તોફાની બની ગઈ હતી. કૉંગ્રેસના કોર્પોરેટરે કહ્યું કે ભાજપના સભ્ય એ મને માર્યો છે. પ્રવીણ પટેલે મને માઈક માર્યું. કૉંગ્રેસના એક નેતા એ કહ્યું કે ભાજપ અમારા કોર્પોરેટરને ઉઠાવી ગયા છે, તેને પરત કરો.

વન વિભાગને મળી મોટી સફળતા, સચિવાલયમાં ઘુસેલો દીપડા પાંજરે પૂરાયો

ગાંધીનગર

ગાંધીનગરમાં ગઈકાલે મોડી રાત્રે નવા સચિવાલયમાં દીપડો ઘૂસ્યો હતો અને સચિવાલયમાં તેના લટાર મારતા દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા. પરંતુ પરંતુ લાંબા સમયની શોધખોળને અંતે દીપડાનું લોકેશન રાજભવન નર્સરી અને પોલીસ વન વચ્ચે મળ્યું હતું. ૧૨ કલાકથી વધારે સમય બાદ દીપડો આખરે પુનિત વનમાંથી પાંજરે પૂરાયો હતો. ઉલ્લેખનીય છે કે દીપડો સચિવાલયથી બહાર નીકળી ગયો હતો. ત્યારબાદ રાજભવન નર્સરી અને પોલીસ વન આસપાસના વિસ્તારને કોર્ડન કરી લેવાયો હતો. વન વિભાગે દીપડાને પકડી પાડવા એડીચોટીનું જોર લગાવ્યું હતું. ત્યારબાદ સચિવાલય રાબેતા મુજબ ચાલી કરી દેવાયું છે.

મોડી રાત્રે સચિવાલયમાં દીપડો ઘૂસ્યો હોવાની ઘટનાની જાણ થતાં વનવિભાગ અને પોલીસની ટીમ કરાતાં સચિવાલય દોડી ગઈ હતી.

દીપડાને ઝડપી પાડવા માટે સીસીટીવી ફૂટેજ ચકાસીને શોધખોળ આદરવામાં આવી હતી. રાજ્યના વિવિધ વિસ્તારોમાં માનવ રહેણાંક દીપડો ઘૂસ્યાના બનાવ સામે આવતા હોય છે ત્યારે આજે રાજ્ય સરકારના કર્મચારીઓ કામ કરાતં હોય છે તે જગ્યાએ દીપડો દેખાતા રીતસરનું વન વિભાગ દોડતું થઈ ગયું હતું. સાથો સાથ એક ચર્ચા એ પણ થઈ રહી છે કે આટલી બધી સુરક્ષાની વચ્ચે દીપડો અહીં પહોંચ્યો કંઈ રીતે?

ગાંધીનગરમાં નવા સચિવાયલમાં દીપડો ઘૂસ્યાની માહિતી સામે આવતા જ વનવિભાગની ટીમ નવા સચિવાલય પહોંચીને દીપડાને પાંજરામાં પૂરવા માટે જહેમત ઉઠાવી રહી હતી. દીપડો ક્યાં છે તે ચકાસવા માટે સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. દીપડોનું લોકેશન મેળવીને તેને પાંજરે પૂરવા માટે વનવિભાગની ટીમે કામગીરી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય એમ કહેવાય છે કે એક નહીં પરંતુ બે દીપડા સચિવાલયમાં દેખાયા હતા. ત્યારે હજુ સુધી બીજા દીપડાને ટ્રેપ કરી શકાયો નથી.



આજે ધન તેરસના તહેવારમાં રાષ્ટ્રીય સંપત્તિ (ધન) એવી ગાય અને ધનવંતરી (સ્વાસ્થ્ય)ના પૂજનનું વિશેષ શાસ્ત્રોક્ત મહત્ત્વ છે. સુરત શહેર ભાજપના પ્રમુખ નીતિન ભજીયાવાલા પરિવારે આજના શુભ દિને ગાયની પૂજા કરી ભારતની સંસ્કૃતિ અને પૂજનનું મહત્ત્વ સમજી દેશને સમૃદ્ધ બનાવવા જાહેર જનતાને અપીલ કરી હતી.

પાણી...

પાણી તો ભાઈ પાણી છે, અબોલ એની વાણી છે,
પાણી ફેરવવું શબ્દ ખોટો છે, જીવનમાં એનો ફાળો બહુ મોટો છે
પાણી તો ભાઈ પાણી છે.....
પાણીના બધે ઝઘડા છે, એના વિના બધે બખેડા છે,
લગ્ન હોય કે હોય સ્મશાન, બધે એની આગેવાની છે,
પાણી તો ભાઈ પાણી છે.....
ખેત ખલીહાનમાં એની હસ્તી છે, અને એની પોતાની મસ્તી છે,
બુંદ સાગરની હોય કે નદીની, એ ઘણા જીવોની જીવનદાત્રી છે,
પાણી તો ભાઈ પાણી છે.....
એ ગંગા યમુનાની લહેર છે, શિવશંકર એનું પ્રમાણ છે,
મૃત શરીરનું રાખનું, એ જ તો એક માત્ર સ્થાન છે,
પાણી તો ભાઈ પાણી છે.....
ભલે એનુ મૂલ્ય ન સમજો તમે, અને સમજો એને મામુલી,
પણ એનું હોવું એટલે જ જીવનનું હોવું,
એની ગેરહાજરીમાં બધુ ધૂળધાણી છે,
પાણી તો ભાઈ પાણી છે...

જયશ્રીબેન શાહ, નિવૃત સેકશન ઓફિસર,
સાબરમતી, અમદાવાદ
સૌજન્ય ભરત શાહઃ ૯૮૨૪૬ ૧૯૪૫૧, ૬૩૫૫૮ ૩૫૭૪૨



ઓલ ઈન્ડિયા મેડીકલ કાઉન્સિલ સુરત બ્રાન્ચ તથા એફ.પી.એ.ના ઉપક્રમે દિવાળીના તહેવાર સંદર્ભે ડોક્ટરો માટે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. રંગોળી સ્પર્ધામાં મોટી સંખ્યામાં ડોક્ટર મિત્રોએ ભાગ લઈ વિવિધ પ્રકારની અદ્‌ભૂત રંગોળીનું સર્જન કર્યું હતું. રંગોળી સ્પર્ધામાં ફિમેલ ફર્સ્ટ હોસ્પિટલના ડૉ. શ્વેતા પટેલ રંગોળી બનાવતા હોવાનું તસવીરમાં નજરે પડે છે.

સરકારી કચેરી પાસે ધરણા તથા આંદોલન કરવા પર પ્રતિબંધ

૨૦૦ મીટર ક્ષેત્રમાં મંજૂરી વગર વિરોધ પ્રદર્શન યોજી શકાશે નહીં

નવસારી

ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની દુર્ઘટનાઓ વારંવાર બનવા પામી છે. નવસારી જિલ્લામાં પણ નાગરિકો પોતાની માંગણી, રજૂઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી કચેરીમાં તેમજ જાહેરમાર્ગે પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. નવસારી જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા જળવાય તે હેતુસર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે એક જાહેરનામા ધ્વારા મળેલી સત્તાની રૂએ નવસારી કલેકટર અને મેજીસ્ટ્રેટની કચેરી, નવસારી જિલ્લા પંચાયત અને અન્ય સરકારશ્રીની વિવિધ વિભાગની કચેરી, પોલીસ અધિક્ષકશ્રી, તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પોલીસ સ્ટેશનના કંપાઉન્ડ તેમજ કંપાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસો ભેગા થવા સભા/સરઘસ કરવા પર તાત્કાલિક અસરથી તા.૧૬/૧૧/૨૦૧૮ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમના અનાદર બદલ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

વ્યારા નગરમાં ભારે અને મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ

ભારે વાહનો વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી શકશે

વ્યારા

વ્યારા નગરના જુના બસ સ્ટેન્ડથી મેઈન રોડબજાર થઈ જવાહર ચોકપોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઈ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઈ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સમય દરમિયાન ઉપરોકત વિસ્તારમાં માલવાહક ભારે વાહનોનો પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુવિકટ બને છે. પરિણામે જાહેરજનતાને અવર-જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડેછે. જેને લઇ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ જાહેરનામું બહાર પાડી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડ થી મેઈન રોડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધી અને જુના બસસ્ટેન્ડ થઇ બેંક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૦૮:૦૦ કલાકથી સાંજે ૨૦:૦૦ કલાક સુધીના સમય દરમિયાન માલ વાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આવશ્યક સેવાના વાહનો, ઈમર્જન્સી સેવાઓ અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા વાહનોની અવર જવરને આ જાહેરનામું લાગુ પડશે નહિં. આ જાહેરનામું તા. ૧૦/૧૧/૨૦૧૮થી તા. ૦૮/૦૧/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે.

સમગ્ર દેશ ગૌરવ લે એવો વિકાસ સુરતે કર્યો છે : મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ

સુરતવાસીઓને પાયાની સુવિધાઓ ઝડપથી પૂરી પાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ : કૌશિકભાઈ પટેલ

સુરત

'વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દેશના વિકાસ માટે શરૂ કરેલ વિકાસ યજ્ઞમાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીની આગેવાની હેઠળ રાજય સરકારે વિકાસની બાબતે નવી ઊંચાઈઓ સર કરી છે, જેમાં માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ ગૌરવ લઇ શકે એવો વિકાસ હાંસલ કર્યો છે', એમ રાજયના મહેસુલમંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે આજે સુરતવાસીઓને રૂ.૪૨.૦૬ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ ધરતા જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા નિર્મિત રાંદેર અને લિંબાયત ઝોનમાં વિસ્તારમાં રૂા.૧૮.૫૫ કરોડના ખર્ચે સાકારિત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને તથા કતારગામ, અઠવા અને વરાછા વિસ્તારમાં રૂા.૨૩.૫૧ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત જિલ્લા પ્રભારી મંત્રી અને રાજયના મહેસુલમંત્રીશ્રી કૌશિકભાઈ પટેલના હસ્તે આજ રોજ સંપન્ન થયું હતું.

લિંબાયત સ્થિત સુમન હાઈસ્કૂલ ખાતે આયોજિત સમારોહમાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આ સરકારે પછાત, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની વિશેષ ચિંતા કરી છે. શહેરી વિસ્તારના ગરીબ બાળકોને સ્થાનિક સ્તરે સંસ્કારયુક્ત શિક્ષણ અને આરોગ્ય સુવિધા મળી રહે તે માટે કરોડોના ખર્ચે વિશેષ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ભૂતકાળની સરકારે વિકાસની બાબતને અવગણી હતી. ૫૦ વર્ષના સાશનમાં તેઓ જે ન કરી શકયા તે તે અમારી સરકારે ખૂબ જ ટૂંકા ગાળામાં કરી બતાવ્યું છે. આજે વિકાસની પરિભાષા બદલાઈ છે, ત્યારે રાજય સરકાર લોકોની અપેક્ષા મુજબ પ્રાથમિક જરૂરિયાતો ઝડપથી પૂર્ણ કરી રહી છે. આજે સરકાર શહેરી ગરીબોના સર્વાંગી વિકાસ માટે 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્રને સાકાર કરવા નગર પાલિકા, મહાનગરપાલિકા વિસ્તારમાં કરોડોના કામો હાથ ધરી રહી છે. ખાસ કરીને શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણી, રોજગારી સહિતની સુવિધાઓ તમામ પ્રાથમિક બાબતોને પ્રાપ્ય બનાવવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, આજે જ્ઞાતિવાદ અને પ્રાંતવાદની વાતો થઈ રહી છે. ત્યારે સુરતના લોકોએ વડાપ્રધાનશ્રીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને સાકાર કરવા અપનાવેલી ભાઈચારાની ભાવનાને બિરદાવી સુરત મીની ભારત હોવાનું જણાવ્યું હતું.

મંત્રીશ્રી અે જહાંગીરપુરાથી અમરોલી-સાયણ જતા ખાડી બ્રિજ, વરીયાવ ટ્રેનેજ પપીંગ સ્ટેશન પાસે ખાડી બ્રીજ, કવિ કલાપી ગાર્ડનમાં ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રામેશ્વરનગર સુમન શાળાનું લોકાર્પણ તેમજ કતારગામમાં ગાર્ડનના સિવિલ કામો, ડુમસમાં ૨૧ લાખ લીટરની ઓવરહેડ ટાંકી, પનાસ બી.આર.ટી.એસ. જંક્શનથી સોહામ સર્કલ સુધીના સિમેન્ટ કોન્ક્રીટ રોડ તથા બિટ્યુમીનસ રોડ, પૂણા ખાતે શાકભાજી અને ખેતપેદાશ માર્કેટના કામનું ખાતમૂહુર્ત કર્યું હતું.

પ્રારંભે સ્વાગત પ્રવચન કરતાં મેયરશ્રી ડો.જગદીશ પટેલે સુરત મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ તેમજ આગામી સમયમાં થનાર વિવિધ વિકાસ કામોની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ પ્રસંગે મેયરશ્રી ડો.જગદીશ પટેલે ધારાસભ્ય સર્વશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, શ્રીમતિ સંગીતાબેન પાટીલ, મુકેશભાઈ પટેલ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મ્યુ.કમિશનરશ્રી એમ. થેન્નારસન, પૂર્વ મેયર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિના ચેરમેનશ્રી અનિલ ગોપલાણી સહિત મનપાના તમામ પદાધિકારી/અધિકારીઓ, શહેરીજનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

પ્રવાસન મંત્રીના હસ્તે બીચ ફેસ્ટિવલનો રંગારંગ પ્રારંભ કરાયો

સંગીત, નૃત્ય, ઊંટ સવારી, ઘોડે સવારી જેવા વિશેષ આકર્ષણો પ્રવાસીઓ માણી શકશે

સુરત

હરવા ફરવાના મોજીલા સુરતીલાલાઓ માટે પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુવાલીના દરિયાકિનારે બીચ ચોપાટી ખાતે આયોજીત બીચ ફેસ્ટીવલ-૨૦૧૮નું પ્રવાસન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે ઉદઘાટન થયું હતું.

આ વેળાએ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો વિશાળ દરિયા કિનારો, વનસંપદાની ભરપુર કુદરતી સૌદર્ય કુદરતી બક્ષ્યું છે. ભારતમાં સૌથી વધુ પ્રવાસીઓ ગુજરાતમાં આવી રહ્યા છે. તેમ જણાવી કહ્યું કે, એક સમયે વર્ષે દહાડે બે થી અઢી કરોડ પ્રવાસીઓ ગુજરાતમાં આવતા હતા પણ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દિદ્યદ્રષ્ટિના પરિણામે રણોત્સવ, પતંગ મહોત્સવ, વાયબ્રન્ટ નવરાત્રી, સાપુતારા મોનસૂન ફેસ્ટીવલોની ઉજવણીના પરિણામે આજે ૨૦૧૭-૧૮ના વર્ષમાં પાંચ કરોડ પ્રવાસીઓને ગુજરાતની મુલાકાત લિધી હોવાનું તેમણે કહ્યું હતું.

વીયેટનામ, બાગ્લાદેશ, શ્રીલકા, અફધાનિસ્તાન, તાન્જાનીયા, જેવા ૩૨ દેશોના વિદ્યાર્થીઓ પણ સુવાલી બીચના કાર્યક્રમોને માણવા પધાર્યા છે. આ ફેસ્ટીવલ તા.૩/૧૧/૨૦૧૮ થી તા.૨/૧૨/૨૦૧૮ દરમિયાન દરરોજ સાંજે સુવાલીના રમણીય બીચ પર મહેદી, સંગીત, નૃત્ય, ચિત્રકામ, રેત-કલા, બાલ-રમતો તમજ રો કલાઈમ્બિગ, ટાયર કલાઈમ્બિગ, ઝોર્બિગ, બીમ, બર્મા બ્રિજ, ઊટસવારી, ઘોડે સવારી તેમજ ક્રાફટ સ્ટોલ, ફુડ કોર્ટ, ફોટો કોર્નર જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ આનંદ માણી શકશે. રાજયના સ્થાનિક કલાકરો દ્વારા દરરોજ સાંજના ૬.૦૦ થી ૭.૩૦ દરમિયાન સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ તથા ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલે બિચ ફેસ્ટીવલથકી હરવા ફરવાના શોખીન સુરતીઓ માટે પ્રવાસન ધામ બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા તારક મહેતા કા ઉલ્ટા ચશમાના ફેમસ કલાકારશ્રી નટુકાકા (ધનશ્યામ નાયક) અને બાધાભાઈ (તન્મય વેકરીયા)એ પોતાની લાક્ષણિકતાઓ દ્વારા મનોરંજન પુરુ પાડયું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય સફાઇ કામદાર આયોગના ચેરમેનશ્રી મનહરભાઈ ઝાલા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પ્રિતીબેન પટેલ, સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી મુકેશભાઈ, ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, સરપંચશ્રી ભગુભાઈ, નયનાબેન, છોટુભાઈ, જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

તહેવારો સંદર્ભે તાપી જિલ્લામાં લાગુ કરાયેલી હથિયારબંધી

વ્યારા

આગામી સમયમાં યોજાનાર દિવાળી, ઈદે-એ-મિલાદ તથા નાતાલના તહેવારોને અનુલક્ષીને તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા જાહેર સુલેહ-શાંતિ અને સલામતિ જળવાઇ રહે એ માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ એક જાહેરનામું બહાર પાડી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર કોઇ પણ વ્યક્તિએ શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોકા, બંદુક, છરા લાકડા કે લાકડી, લાઠી, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિં. કોઇ પણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહિં. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો લઇ જવા નહિં કે એકઠા કરવા નહિં તથા તૈયાર કરવા નહિં. ધાર્મિક સ્થળોએ લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. તેમજ પ્લાસ્ટિકની કોથળીઓમાં કોઇ પદાર્થ કે પાણી ભરીને ધાર્મિક સ્થળોએ ફેંકવા નહિં. કોઇ રાહદારી કે અન્ય ધર્મના લોકોની લાગણી દુભાય તેવું કૃત્ય કરવું નહિં. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિં, તેવા હાવભાવ, ચેષ્ટા કરવી નહિં કુ તેવા ચિત્રો, પત્રિકા કે પ્લે કાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહિં, બતાવવી નહિં અથવા તેનો ફેલાવો કરવો નહિં. જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહિં. લોકોને અપમાનિત કરવાના ઈરાદાથી જાહેરમાં બુમો પાડવી નહિં તથા સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય જાહેરસભા અથવા સરઘસનું આયોજન કરવું નહિં. આ હુકમસરકારી નોકર કે કામ કરતી કોઇ પણ વ્યકતિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા, આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય તેવા કિસ્સામાં લાગુ પડશે નહિં.

નઝમી ટ્રસ્ટના જમીનના વિવાદમાં બદરી લેસવાલા પર હુમલો કરાતા ગુનો નોંધાયો

સુરત

વ્હોરા સમાજના અગ્રણી અને જાણીતા ઉદ્યોગપતિ બદરી લેસવાળા ઉપર હુમલો કરનારાને ઝડપી પાડવા માટે સલાબતપુરા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. કુખ્યાત વસીમ ઉર્ફે બિલ્લા, મોહંમદ શાહરૂખ ઉર્ફે માવાભાઈ તથા આરીફ સુરતી અને ઝફર ચીકનવાલાએ જમીન પ્રકરણમાં આ હુમલો કર્યો હતો.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નઝમી ટ્રસ્ટમાં જમીનનો હિસ્સો બળજબરીથી કઢાવી લેવા માટે આરોપીઓએ દેશી તમંચાથી ડરાવી ખંડણી પેટે રૂપિયા પાંચ કરોડની માંગણી કરી પ્રાણઘાતક હથિયારોથી ફરિયાદી બદરીભાી અહેમદભાઈ લેસવાળા ઉપર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતયાની કોશિશ કરી હતી. બદરી લેસવાળાને બચાવવા જતા ડ્રાઈવરો અબ્બાસભાઈ શૈફુદીન કીકાવાળા, ઈદરીશ હાતિમભાઈ, અલી અશગરને પણ માર માર્યો હતો.

સરાજાહેર બનેલા આ બનાવ સંદર્ભે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી મદદનીશ પો.કમિ. પી.કે. પટેલે તપાસ હાથ ધરી છે.

ભરૂચ ભાજપાના કાર્યકર પર બે બુકાનીધારી બાઈક સવાર યુવાનો દ્વારા જીવલેણ હુમલો



ભરૂચ ઝાડેશ્વર વિસ્તારના રહીશ અને ભાજપા આગેવાન મહેશ નિઝામા પર બાઈક સવાર બે બુકાનીધારીએ હુમલો કરી ફરાર થઈ જતા દોડધામ મચી હતી.

બનાવની મળતી માહિતી મુજબ ભરૂચના સ્ટેશન રોડ પર સોમવાર સાંજના સમયે ભાજપના આગેવાન મહેશ નિઝામા સુપર માર્કેટ પાસે આવેલ ઘી કુડિયા વિસ્તારમાં ફ્લેક્ષ લેવા ગયા હતાં. અને રોડની સાઈડ પર ઉભા હતા. તે દરમિયાન બ્લેક બાઈક પર સવાર બે બુકાનીધારી યુવાનો એ અચાનક આવી પોતાની પાસેના બેટ દ્વારા મહેશના માથાના ભાગે હુમલો કર્યો હતો તથા બીજાએ ચપ્પુ વડે કાનના ભાગે હુમલો કરતા મહેશ નિઝામા ઘવાયા હતાં. તેવોએ બૂમા બુમ કરતા બંનેવ બાઈક સવાર ત્યાંથી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતાં.

ત્યાર બાદ ૧૦૮ દ્વારા મહેશ નિઝામાને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ તથા ત્યાર બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.બનાવની જાણ તથાજ ધારાસભ્ય દુષ્યંત પટેલ, પાલિકા પ્રમુખ સુરભીબેન તમાકુવાલા,ઉપ પ્રમુખ ભરત શાહ સહિત પાર્ટીના કાર્યકરો હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા.

બનાવ અંગે એ ડિવિઝન પોલિસે ફરિયાદ દાખલ કરીને બનાવ વાળી જગ્યાની આજુબાજુના સીસીટીવી ફૂટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ સંધ્યાકાળે જ ભરચક વિસ્તાર માં ભાજપ ના અગ્રણી શિરીશભાઈ અને એક તરવારીયા કાર્યકરો ના ઢીમ ઢાળી દેવાયા હતા ત્યારે આ ઘટના ની તલસ્પર્શી તપાસ થાય તેમ ભરૂચ શહેરની જનતા ઈચ્છે છે.

નર્મદા ડેમ પર ફરવા આવેલા પરિવારને

વિશાલખાડી પાસે અકસ્માત નડતા એકનું મોત ચારને ઈજા

મહારાષ્ટ્ર ના નવાપુર થી નર્મદા બંધ જોવા આવેલા પરિવાર ની ગાડી સાથે અન્ય ગાડી અથડાતા અકસ્માત થયો

હાલ નર્મદા માં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મા બંધ જોવા આવતા પ્રવાસીયો ની સંખ્યા વધતા અકસ્માત વધી રહ્યા છે ત્યારે તંત્ર એ એલર્ટ થવું પડશે

રાજપીપળા : હાલ ચાલી રહેલા વેકેશન ના કારણે મોટા શહેરો માથી નર્મદા જિલ્લા ના ડેમ તેમજ સ્ટેચ્યુ પર ફરવા આવતા પ્રવાસીયો ની સંખ્યા વધી છે તેની સામે અકસ્માતો પણ વધી રહ્યા છે ત્યારે રવિવારે મહારાષ્ટ્ર ના નવાપુર થી નર્મદા બંધ જોવા આવેલા એક પરિવાર માં સમાધાન તારાચંદ મ્હાલે ડેમ પર ફરી પરિવાર સાથે પોતાની કાર માં પરત ફરતા હતા ત્યારે વિશાલખાડી ના બસ સ્ટેન્ડ નજીક ના વળાંક માં સામે થી પુરપાટ આવી રહેલી અન્ય એક ગાડી નં.જી જે ૦૬ એલ ઈ ૪૮૫૪ ના ચાલકે પોતાની ગાડી ધડાકાભેર મ્હાલે પરિવાર ની ગાડી સાથે અથાડતાં મહાલે પરિવાર ના ચાર થી પાંચ સભ્યો ને ઈજાઓ થઈ હતી જેમાં આગળ ડ્રાઈવર સાથે બેઠેલા ફરિયાદી સમાધાન ના પિતા તારાચંદભાઈ ને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક નજીક ના દવાખાના સારવાર માટે કૈ જવાય બાદ વધુ સારવાર માટે નેત્રંગ લઈ જતા રસ્તા માં એમનું મોત થયું હતું અકસ્માત બાદ સામે નિવગાડી નો ચાલાક અકસ્માત કરી નાસી છૂટ્યો હતો માટે રાજપીપળા પોલીસે ગુનો દાખલ કરી ગાડી નંબર ના આધારે અકસ્માત કરનાર ગાડી ના ચાલાક ની શોધખોળ શરુ કરી છે .

દિવાળી ટાણે એસીબી સતર્ક થતા રાજ્યની સરકારી કચેરીઓમાં સોપો પડ્યો!?

ગુજરાત રાજ્ય ની એન્ટી કરપ્સન બ્યુરો ની લાચિયા અધિકારીઓ પર બાજ નજર હોવાને કારણે રાજ્ય ની સરકારી કચેરીઓ માં દિવાળી ની મહામૂલી ભેટ સોગાદો ના રૂડા વ્યહવારો માં દેખીતી રીતે ઓટ આવી ગયા નું ચર્ચાય છે ત્યારે આજે અને આવતી કાલે સરકારી કચેરીઓ ચાલુ છે પણ આજે અમારા અખબાર ને ધ્યાને આવ્યું કે સરકારી કચેરીઓ ખાલી ખમ હતી માત્ર પટાવાળા જ એકકા દુક્કી સ્ટાફ સાથે નજરે પડ્યા હતા ત્યારે બિનસત્તાવાર રીતે જાણવા મળ્યું કે સાહેબો બહાર વિઝીટ માં છે ,કઈ વિઝીટ કરી એતો જિલ્લા કલેકટર કે ગાંધીનગર વડી કચેરી પૂછે તોજ બહાર આવે ખરું!! બાકી એમ પણ લોકચર્ચા છે કે દિવાળી ની ભેટ લેવાની જગ્યા ઓફિસો ને બદલે અન્યત્ર રાખી સરકારી શિરસ્તો ચાલુજ રાખ્યો છે !? ત્યારે હવે એસીબી નો ટૂંકો સ્ટાફ કયાં કયાં પહોંચે એ પણ વાસ્તવિક વાત છે ટૂંકમાં જોનાર ની બે ને ચોરનાર ની ચાર એ ઉક્તિ સાચીજ પડે.

આંજણામાં વેસ્ટ ચિન્ધીનો કચરો સળગાવતા પોલીસ ફરિયાદ

સુરત - ગત તા.૩-૧૧-૨૦૧૮ના રોજ સુરત મહાનગર પાલિકાના ફાયર ડીપાર્ટમેન્ટ મેસેજ આપતા લીંબાયત ઝોનમાં આંજણા ફાર્મ તરણકુંડની બાજુમાં મોમીન ઈન્ડસ્ટ્રીઝની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં કાપડનો ચિન્દીનો વેસ્ટ મટીરિયલનો જથ્થામાં સંગ્રહ કરેલ હતો. જેમાં અચાનક અંદાજીત ૫૦૦ ટન કરતા વધુ મટીરિયલ સળગી ગયેલ હતો. જેમાં આઈસર કંપનીનો એક ટેમ્પો પાર્ક કરેલ હતો. જે સળગી ગયેલ હતો. આગ જોતા જાહેર હિતમાં આજુબાજુની મિલકત અને તેના કામ કરતા લોકોની જાનહાનિ થઈ શકે છે. તેમજ ઘનકચરા અધિનિયમ ૨૦૧૬ સબબ આ બાબતે કબજેદારની બેદરકારી જોતા સા.ઈ.ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

રાજપીપલાના સંસ્કાર યુવક મંડળ દ્વારા રંગોળી સ્પર્ધા યોજાઈ



સ્પર્ધા માં ૧૪ યુવતીઓ એ ભાગ લીધો જેમના દ્વારા વિવિધ રંગોળી પાડી જેમાં ૩ વિજેતાઓ ને પુરસ્કાર અને ટ્રોફી થી સન્નમાનીત કરાયા

રાજપીપળા : દીવાળી એટલે ઉમંગ અને ઉત્સાહ નો તહેવાર છે અને આ રંગોનો ત્યોહાર પણ ગણવામા આવે છે ત્યારે કાછીયાવાડ સંસ્કાર યુવક મંડળ અને એન.એમ.ડી ન્યૂઝ ના સંયુક્ત ઉપક્રમે કાછીયાવાડ ની વાડીમાં રંગોળી હરીફાઈ કરાવવામાં આવી હતી જેમાં વિજેતાઓ ને ટ્રોફી આપવા આવી હતી. સમગ્ર કરાયક્રમ નું આયોજન પ્રમુખ મહેશ એચ કાછીયા, મહેશ એસ.કાછીયા, દિપક પટેલ સહિત ના આગેવાનો એ કર્યું જેમાં મોટી સંખ્યા માં લોકો એ હાજર રહી રંગોળી હરીફાઈ ને નિહાળી હતી.

રઘુકુળ માર્કેટના ચાર વેપારીઓ સાથે રૂા.૬૧.૬૨ લાખની છેતરપિંડી

સુરત

રીંગરોડ પર આવેલ રૂદ્રા ટેક્ષ ટાઈલ રઘુકુલ ટેક્ષટાઈલ માર્કેટના ચાર વેપારી સાથે રૂ. ૬૧.૬૩લાખની ઠગાઈ થઈ છે આ તમામ વેપારી પાસે ઠગ ત્રિપુટી સાડીઓ પર એમ્બ્રોડરી જોબવર્ક કરવી ફરાર થઈ ગઈ છે પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પુણાગામ, યોગીચોક, ભાવના પાર્ક સોસાયટીમાં રહેતા અલ્પેશભાઈ દુલાભાઈ વૈષ્ણવ સાડીઓ પર લેસપટ્ટી લગાવવાનું કામ કરે છે આરોપી સંજય સુરેન્દ્રશર્મા (રહે બી/૧૧ ભાગ્યલક્ષ્મી સોસાયટી વિ-૧ પીપલોદ સુરત), હિતેશ કાનજીભાઈ વઘાસીયા (રહે ૪૩ આસોપાલવ સોસાયટી હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ સચીન) તથા ગીરીશભાઈ કાનજીભાઈ વઘાસીયા (રહે ૪૩ આસોપાલવ સોસાયટી હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ સચીન)એ અલ્પેશભાઈ વૈષ્ણવ પાસે કુલ્લે રૂ. ૨,૧૧,૨૨૯નુ લેશ ફીટીંગની મજુરીનુ કામ કરાવ્યું હતું અને બાદમાં પેમેન્ટ ચુકવ્યું ન હતું આજ રીતે અન્ય ત્રણ વેપારીઓ પાસે પણ કુલ્લે રૂ! ૬૧,૬૩,૬૪૪ એમ્બ્રોડરી જોબવર્ક કરવી પેમેન્ટ ચૂકવવાનો વારો આવતા પલાયન થઈ ગયા હતા ઠગાઈના બનાવ અંગે અલ્પેશભાઈ વૈષ્ણવએ સલાબતપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોધાવતા પોલીસે કાયદેસરની સાથે વધુ તપાસ શરૂ કરી હતી

જોબવર્કના વેપારી સાથે ૩.૧૮ કરોડની ચાર સાડીના વેપારીઓ દ્વારા ઠગાઈ

સુરત

મોટા વરાછાના એમ્બ્રોડરી જોબવર્ક કરનાર સાથે રૂા.૩.૧૮ કરોડની છેતરપિંડી કરનાર ચાર વેપારી સામે પુણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મોટા વરાછા સનસીટી રો હાઉસમાં રહેતાં કિશોરભાઈ છગનભાઈ પટોળીયાએ આરોપી નિલેશ અરજણ કળશિયા રહે. સૃષ્ટિ રો હાઉસ, કામરેજ, હિરામણી દિનદયાળ શર્મા રહે. વરદાય હાઈટ્સ ગોડાદરા, ભરતપુર, અશોકભાઈ રામાણી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ પોતે મોટા વેપારી હોવાનો વિશ્વાસ આપી ફરિયાદી પાસે રૂા.૩,૧૮,૩૬,૫૦૨ની કિંમતનું સાડીનું જોબવર્ક કામ કરાવ્યું હતું. બેલેન્સ વગરના બેંક એકાઉન્ટના ચેકો આપી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી દુકાન બંધ કરી નાસી ગયા હતા. બનાવ અંગે પુણા પોલીસે ફરિયાદ નોંધી હતી.

સલાબતપુરામાંથી ૮ જુગારીઓ ઝડપાયા

સુરત

ગઈકાલે સલાબતપુરા પોલીસે અલગઅલગ બે સ્થળેથી જુગાર રમતા કુલ ૮ લોકોને ઝડપી પડ્યા હતા અને કુલ રૂ.૭૬,૩૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સલાબતપુરા પોલીસે બાતમી આધારે નવાપુરા લીમડી શેરી-૧ ના નાકે રેઈડ કરી હતી રેઈડ દરમિયાન પોલીસે સ્ટ્રીટ લાઈટના અજવાળામાં જુગાર રમતા કલ્પેશ પ્રાણલાલ રાણા તથા પ્રકાશચંદ્ર ઠાકોરદાસ રાણાને ઝડપી પાડ્યા હતા તેમજ રોકડ મળી કુલ રૂ.૧૨,૧૩૦ની મત્તા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી

આ ઉપરાંત સલાબતપુરા પોલીસે બાતમી આધારે ભાઠેના કબ્રસ્તાની સામે ગલીમાં રેઈડ કરી હતી રેઈડ દરમિયાન પોલીસે જુગાર રમતા ઈમરાન બુરહાન શેખ, લાલ ઈસ્માઈલ શેખ,સલીમ ઈસાક શેખ, મુસ્તાક શેખ ખાલીક શેખ, શેખ રઝાક શેખ રસુલ, બુરહાન પપ્પુ કુરેશીને ઝડપી પાડ્યા હતા તેમજ પોલીસે રોકડ મળી કુલ રૂ. ૬૪,૨૪૦ની મત્તા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પેપર કપ મશીનના નામે ૫ લાખની ઠગાઈ

સુરત

પેપર કપ મશીન ખરીદવા માટે રૂા.પાંચ લાખ ચુકવી દીધા બાદ પણ મશીન નહીં મોકલાવી છેતરપિંડી કરાઈ હતી.

ચોક પોલીસના જણાવ્યા મુજબ ડભોલી શુકનશ્રી એપાર્ટમેન્ટમાં રહેતા ફેનીલ માધવજી ઘોઘારીએ આરોપી રાજેન્દ્ર પરિહાર જયપુર, રાજુ દેસાઈ ઉધના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીએ આરોપી પાસેથી પેપર કપ મશીન ખરીદવા માટે રૂા.પાંચ લાખ આપ્યા હતા. આરોપીઓએ મશીન નહીં આપી પૈસા પણ પરત નહીં કરી ઠગાઈ કરી હતી.

ભટારનો બુટલેગર ટીનલ રાણા દારૂ ભરેલી મોપેડ સાથે પકડાયો

ખટોદરા પોલીસે આઝાદનગરમાંથી બુટલેગરને ઝડપી પાડ્યો

સુરત

ખટોદરા પોલીસે આઝાદનગર રોડ ભટાર પાસે ભારતી સોસાયટીમાં રહેતા બુટલેગર ટીનલ રાણાના ઘરથી દારૂનો જથ્થો ઝડપી પડ્યો હતો જયારે ડીસીબી પોલીસે દારૂ ભરેલી મોપેડ સાથે બુટલેગર ટીનલ રાણાને ઝડપી પડ્યો હતો

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ડીસીબી પોલીસે બાતમી આધારે ભટાર આઝાદનગર શ્રીરામ માર્બલ પાસે, સીમેન્ટના ગોડાઉનની પાછળ, મહાદેવ મહોલ્લામાં આવેલ ખુલ્લી જગ્યામાંથી બુટલેગર ટીનલ મુકેશભાઈ રાણાને દારૂ ભરેલી મોપેડ સાથે ઝડપી પાડાયો હતો તથા કોકો નામના ઈસમને વોન્ટેડ જાહેર કર્યો હતો આ ઉપરાંત પોલીસે મોપેડ અને દારૂ મળી કુલ્લે કિં.રૂ- ૮૭,૫૩૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી ડીસીબીની રેઈડ બાદ ખટોદરા પોલીસે પણ આઝાદનગર રોડ ભટાર પાસે ભારતી સોસાયટીના ઘર નં.૩૩૪માં ધમધમતા ટીનલ રાણાના દારૂના અડ્ડા પર રેઈડ કરી હતી અને રૂ. ૨૮૭૧૦નો દારૂ ઝડપી પડી આરોપી ધર્મેશ અશોકભાઈ પટેલની ધરપકડ કરી હતી અને બુટલેગર ટીનલ રાણાને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી હતી

નવસારી જિલ્લામાં હથિયારબંધી લાગુ

નવસારી

નવસારી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને લોકોમાં સુલેહ-શાંતિ જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા ધ્વારા તાત્કાલિક અસરથી તા.૧૬/૧૧/૧૮ સુધી શસ્ત્રો, દંડો, તલવાર જેવા હિંસા પહોચાડી શકે તેવી ચીજવસ્તુઓ, સ્ફોટક પદાર્થો લાવવા લઈ જવા તેમજ સુરૂચિનો ભંગ થાય તેવા કોઈ પણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનારને કેદ અને દંડની સજા થઈ શકે છે.

સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટરની આર્ટ ગેલેરીમાં રંગોળીનું ભવ્ય પ્રદર્શન

તા.૭-૮ અને ૯'મીએ પ્રદર્શન બંધ રહેશે

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રદર્શનનું શહેરનાં અધ્યક્ષ, સ્થાયી સમિતિ અનિલભાઈ ગોપલાણીનાં વરદ હસ્તે કરવામાં આવેલ. પ્રદર્શનમાં ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, વિવિધ સમિતિના ચેરમેનો, મ્યુ. સભ્યો, અધિકારી, કર્મચારીઓ, રંગોળી કલાકારો તેમજ શહેરના રંગોળી પ્રેમી નગરજનો હાજર રહ્યા હતા.

આ પ્રદર્શનમાં સુરતના સ્થાનિક ૬૨ રંગોળી કલાકારો દ્વારા વિવિધ માધ્યમો જેવા કે કરોઠી, જરી, રેતી, લાકડાનો વ્હેર વગેરેનાં ઉપયોગથી જુદા જુદા વિષયોને રજૂ કરતી ખૂબ જ સુંદર ૭૩ રંગોળીઓ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં સુરત શહેરના સ્થાનિક કલાકારો જેમાં ૧૦ વર્ષ થી લઈને ૭૫ વર્ષના કલાકારો દ્વારા રંગોળી તૈયાર કરવામાં આવી છે. જેમાં ''બેટી બચાવો, બેટી પઢાઓ'', ''સેવ ગર્લ ચાઈલ્ડ'', ''સ્ટોપ રેપ'' જેવા સામાજિક સંદેશાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. તે ઉપરાંત નવનિર્મિત સ્ટેચ્યુ ઓફ યુનિટી અને કેબલ સટેડ બ્રીજ વગેરેની સુંદર રંગોળીઓ પણ તૈયાર કરવામાં આવેલ છે. આ સાથે કાર્ટૂન, વ્યક્તિચિત્ર, કુદરતી દ્રશ્ય, માયથોલોજીકલ પ્રસંગ તેમજ ટ્રેડીશનલ રંગોળીઓનો પણ સમાવિષ્ટ છે.

સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે સદર પ્રદર્શન જાહેર જનતા વિના મૂલ્યે નિહાળી શકાશે. આ પ્રદર્શન જાહેર જનતા તા.૪ થી ૬ નવેમ્બર, ૨૦૧૮ તથા તા.૧૦ થી ૧૮ નવેમ્બર ૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૦૦ કલાક સુધી નિહાળી શકશે તથા તા.૭-૮ અને ૯ના રોજ દિવાળી દરમ્યાન પ્રદર્શન જાહેર જનતા માટે બંધ રહેશે.

બે દલાલ અને વેપારીએ સાથે મળી ૧૦.૨૦ લાખનું કરી નાંખ્યું

સુરત

બે કાપડ દલાલ અને એક વેપારીએ રૂા.૧૦.૨૦ લાખની ઠગાઈ કરી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સરથાણા જય યોગેશ્વર રો હાઉસમાં રહેતાં લાલજીભાઈ બાબુભાઈ દુધાતે આરોપી વિજય છાજેડ (માયા ફેશન, ડીંડોલી), કાપડ દલાલ વિજયભાઈ તથા રામગોપાલ ઉર્ફે ગોપાળ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા.૧૦,૨૦,૯૯૧ની કિંમતનો ગ્રે કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.